# ઓનલાઈન વિજ્ઞાપન વ્યવસ્થાપક
## (ઓનલાઈન એડવર્ટાઈઝીંગ મેનેજર)

ઓનલાઈન એડવર્ટાઈઝીંગ મેનેજર બ્રાન્ડ અંગેની જાગરૂકતા ઊભી કરવા માટે જવાબદાર છે. તેમના ઉત્પાદન અથવા સેવા અંગેની જણકારી વધુમાં વધુ લોકો સુધી પહોંચે તે સુનિશ્ચિત કરવાના ઉદ્દેશને હાંસલ કરવા માટે તેઓ ઓનલાઈન માર્કેટિંગ વ્યૂહરચનાઓ અમલમાં મૂકે છે.

### વ્યક્તિગત નિપુણતા

- તમે મૌખિક અને લેખિત પ્રત્યાયનમાં કુશળ છો
- તમે સર્જનાત્મક અભિગમ ધરાવો છો
- તમે સમસ્યાઓ/પરિસ્થિતિઓનું વિશ્લેષણ કરવાનું પસંદ કરો છો
- તમને વિવિધ માધ્યમો વિશે જાણવાની જીજ્ઞાસા ધરાવો છે



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૨૪,૦૦૦ થી ૨૦,૦૦,૦૦૦*** જેટલી હોય છે

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

### શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે)

### લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

### પ્રવેશ માટે...

૧. કોઈપણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) / માર્કેટિંગ / વિજ્ઞાપન / મીડિયા વિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) / માર્કેટિંગ / વિજ્ઞાપન / મીડિયા વિજ્ઞાનમાં સ્નાતકની ડિગ્રી મેળવો અને ત્યારબાદ, સમાન અથવા સંબંધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

બિઝનેસ એડમિનિસ્ટ્રેશન (BBA) / માર્કેટિંગ / વિજ્ઞાપનમાં ડિપ્લોમા કરો.

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો

### અપેક્ષિત આવક

*અહી આપેલ આંકડાઓ ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

શરૂઆતમાં ઓનલાઈન એડવર્ટાઈઝીંગ મેનેજરનું અંદાજીત માસિક વેતન **રૂ. ૧૦,૦૦૦ થી ૨૫,૦૦૦*** જેટલું હોય છે.

સ્રોત : https://bit.ly/3ILBXSz

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** વિજ્ઞાપન એજન્સીઓ, પી.આર. એજન્સીઓ, માર્કેટિંગ કંપનીઓ, ઉદ્યોગ ગૃહો તેમજ પ્રચાર-પ્રસાર માધ્યમો વગેરે.

**કાર્યસ્થળનું વાતાવરણ :** આ ડેસ્ક જોબ છે. તમારે ટીમનું સંચાલન કરવાની જરૂર પડી શકે છે. મુસાફરી તમારી ભૂમિકાનો એક ભાગ હોઈ શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે. સંસ્થા મુજબ તેમાં ફેરફાર થઇ શકે છે. જરૂરિયાત ઊભી થાય ત્યારે તમારે દિવસમાં વધુ કલાકો સુધી કામ કરવું પડે છે.

*આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**આ અભ્યાસક્રમ બિઝનેસ/મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઉપલબ્ધ કરાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. આઈ.આઈ.એમ., અમદાવાદ
૨. આઈ.આઈ.એમ., બેંગલુરૂ
૩. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સોશ્યલ વેલફેર એન્ડ બિઝનેસ મેનેજમેન્ટ, કોલકાતા
૪. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ મેનેજમેન્ટ, રાંચી
૫. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ
૬. તમિલનાડુ ઓપન યુનિવર્સિટી, ચેન્નાઈ
૭. એમ.એસ.યુ., વડોદરા
૮. કમલા નેહરુ કોલેજ, દિલ્હી યુનિવર્સિટી
૯. શહીદ સુખદેવ કોલેજ ઓફ બિઝનેસ સ્ટડીઝ, દિલ્હી
૧૦. ભારતીય મેરીટાઈમ યુનિવર્સિટી, કોચી કેમ્પસ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા તપાસ કરો કે શું સંસ્થા યુ.જી.સી. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે કે નહી)

૧. નિરમા યુનિવર્સિટી, અમદાવાદ
૨. પી.ડી.ઈ.યુ., ગાંધીનગર
૩. માઈકા (એમ.આઈ.સી.એ.) અમદાવાદ
૪. અજીંક્ય ડી.વાય. પાટીલ યુનિવર્સિટી, પુણે
૫. જૈન યુનિવર્સિટી, બેંગલુરૂ
૬. નગીનદાસ ખંડવાલા કોલેજ, મુંબઈ
૭. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યુટ ઑફ ડિજિટલ એજ્યુકેશન (આઈ.આઈ.ડિ.ઈ.), મુંબઈ
૮. યુનિવર્સિટી ઓફ ટેકનોલોજી, જયપુર
૯. એમ.આઈ.ટી. યુનિવર્સિટી, શિલોંગ
૧૦. શ્રી ભગવાન મહાવીર જૈન ફર્સ્ટ ગ્રેડ કોલેજ, કોલાર સરકારી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

## અપેક્ષિત પ્રગતિ પથ

એડવર્ટાઈઝિંગ ઓપરેશન્સ કો-ઓર્ડિનેટર (ડિજિટલ) → એડવર્ટાઈઝિંગ ઓપરેશન્સ મેનેજર → એડવર્ટાઈઝિંગ સ્પેશિયાલિસ્ટ → એડવર્ટાઈઝિંગ પ્રોડ્યુસર → જિયોગ્રાફિકલ યુનિટ હેડ → કંપનીના વડા

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ડિજિટલ એડવર્ટાઈઝિંગ ઓપરેશન્સ કોઓર્ડિનેટર, એડ ટ્રાફિકર, એડ કેમ્પેઈન મેનેજર

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- www.skillindiadigital.gov.in
- https://anubandham.gujarat.gov.in

**મને સ્કેન કરો**

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**એરિક ડગ્લાસ** બ્રેટન, ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ માટે એડવર્ટાઈઝીંગ મેનેજર છે. તેમણે સેન્ટ વિન્સેન્ટ કોલેજમાંથી સ્નાતકની પદવી મેળવી તથા અમેરિકન ઈન્ટરનેશનલ કોલેજમાંથી એમ.બી.એ.ની પદવી હાંસલ કરી.*

સ્ત્રોત : https://www.nytimes.com/2010/10/03/fashion/weddings/03SCHNURE.html

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.